ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૫.૪ ડીગ્રી
લઘુતમ : ૧૫.૧ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૨૬ ટકા
ગાંધીનગર તાપમાન

ધો.૩ થી ૮ના વિદ્યાર્થીઓની ૩ એપ્રિલથી એકસાથે વાર્ષિક પરીક્ષા

ગાંધીનગર, તા.૧૦

આગામી ૧૪ માર્ચથી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થશે.તો બીજી તરફ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ(જીસીઈઆરટી) મુજબ આગામી ૩ થી ૨૧મી એપ્રિલ દરમિયાન ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓની વાર્ષિક વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ધોરણ ૩થી ૮ના વિદ્યાર્થીઓની આ પરીક્ષાનો કાર્યક્રમ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી સ્કૂલોમાં સમાન રહેશે. આ સાથે તમામ સ્કૂલોનું ટાઈમટેબલ પણ એક સમાન રહેશે. તમામ શાળામાં એક સાથે પરીક્ષા લેવાનું આયોજન હોવાથી તંત્ર કવાયત માં લાગ્યું છે.

ધોરણ ૫ અને ૮ સિવાયના વિદ્યાર્થીઓને નપાસ નહીં કરાય:

ધોરણ ૩થી ૪ના વિદ્યાર્થીઓને પ્રશ્ન પત્રમાં જ જવાબો લખવાના રહેશે. જ્યારે ધોરણ પથી ૮ના વિદ્યાર્થીઓને અલગ ઉત્તરવહીમાં જવાબો લખવાના રહેશે. રાજયની પ્રાથમિક સ્કૂલોમાં ધોરણ ૩થી ૮ની પરીક્ષામાં ધોરણ ૫ અને ૮માં ઈ ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓને બે માસના સમયગાળામાં ઉપચારાત્મક શિક્ષણ કર્યા બાદ શાળા કક્ષાએ પુનઃકસોટી યોજવાની રહેશે. વિદ્યાર્થીઓ આ કસોટીમાં ગ્રેડમાં વધારો કરી આગલા ધોરણમાં જઈ શકશે. જ્યારે આ ધો.૫ અને ૮ સિવાયના કોઈ પણ વિદ્યાર્થીને આગલા ધોરણમાં જતા રોકી શકાશે નહીં. આમ ધોરણ ૫ અને ૮માં નાપાસ વિદ્યાર્થીઓએ ફરી એ જ ધોરણમાં અભ્યાસ કરવો પડશે.

૧૪ માર્ચથી બોર્ડની પરીક્ષા:

નોંધનીય છે કે, બીજી તરફ રાજ્યભરમાં આગામી ૧૪મી માર્ચથી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા શરૂ થઈ રહી છે. જેમાં ધોરણ ૧૦માં ૯.૫૬ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. આ માટે ૯૫૮ કેન્દ્રો નક્કી કરાયા છે.

જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૫.૬૫ લાખ અને વિજ્ઞાન પ્રવાહમાં ૧.૧૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. જેના માટે ૬૬૫ જેટલા કેન્દ્રોમાં પરીક્ષા યોજાશે.

ધોરણ-૩થી ૮ની પરીક્ષાનો કાર્યક્રમ:

તારીખ	ધોરણ	વિષય
૩ એપ્રિલ	૩થી ૫	ગણિત
૫ એપ્રિલ	૩થી ૫	ગુજરાતી
૬ એપ્રિલ	૩થી ૫	પર્યાવરણ
૮ એપ્રિલ	૩થી ૫	હિન્દી
૧૦ એપ્રિલ	૩થી ૫	અંગ્રેજી
૧૧ એપ્રિલ	૩થી ૫	મરાઠી, ઉડીયા, તેલુગુ, તમિલ, ઉર્દુ
૧૨ એપ્રિલ	૬થી ૮	ગુજરાતી
૧૩ એપ્રિલ	૬થી ૮	વિજ્ઞાન
૧૫ એપ્રિલ	૬થી ૮	સામાજિક વિજ્ઞાન
૧૭ એપ્રિલ	૬થી ૮	ગણિત
૧૮ એપ્રિલ	૬થી ૮	હિન્દી
૧૯ એપ્રિલ	૬થી ૮	અંગ્રેજી
૨૦ એપ્રિલ	૬થી ૮	સંસ્કૃત
૨૧ એપ્રિલ	૬થી ૮	મરાઠી, ઉડીયા, તેલુગુ, તમિલ, ઉર્દુ

જિલ્લા કક્ષાએ તૈયાર થશે પ્રશ્નપત્રો:

ખાસ વાત એ રહેશે કે ધોરણ ૩થી ૮ના વિદ્યાર્થીઓની આ વાર્ષિક પરીક્ષામાં જિલ્લા કક્ષાએ પ્રશ્ન પત્ર તૈયાર કરવામાં આવશે. ગુજરાતી, ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને પર્યાવરણ વિષયની પરીક્ષા માટે સમાન સમયપત્રકના આધારે નિયમ પરિરૂપ મુજબ પેપર તૈયાર કરવાના રહેશે. બાકીના વિષયોની પરીક્ષા ખાનગી પ્રાથમિક શાળાએ સ્વૈચ્છિક પોતાની રીતે શાળા કક્ષાએ તૈયાર કરેલા ટાઈમટેબલ મુજબ યોજવાની રહેશે.

જન્મદિને વધામણી

શર્મિષ્ઠાબેન જગદીશચંદ્ર દવે
મો. ૯૮૯૮૧ ૬૧૨૭૦

નિમિષા શુક્લ
લાયોનેસ ક્લબ

ગીતાબેન બી શાહ
મો. ૯૮૨૪૪ ૨૨૫૧૫

શિવમ એન પરમાર
મો. ૯૭૧૨૭ ૩૩૩૧૬

રાવલ તેજ હાર્દિકકુમાર

ઈન્ફોકીડ્સ પ્રિ-સ્કુલમાં "કેરટેકર- ડે" ની ઉજવણી

ગાંધીનગર, તા.૧૦

સામન્ય રીતે શાળાઓમાં ટીચર્સ ડે, ફાધર્સ ડે, મધર્સ ડે વગેરેની વિવિધ ઉજવણી કરવામાં આવતી હોયછે. ઈન્ફો કીડ્સના બાળકોએ શાળામાં તેઓની હમેશા સંભાળ રાખતા "કેર ટેકર્સ" તથા સિક્યુરીટીની ચોકલેટ, ફ્લાવર્સ જેવી વિવિધ ભેટ આપી પોતાની લાગણીની અભિવ્યક્તિ કરી હતી અને બાળકોએ આભાર વ્યક્ત કર્યો હતો.

શહેરની જાણીતી સેવા સંસ્થાઓ દ્વારા રંગોત્સવની સંયુકત ઉજવણી

ગાંધીનગર, તા.૧૦

વેસ્ટર્ન સીડઝના પ્રણેતા અને પ્રાગદાસ ગોદડીયા બાપાના વંશજ અને અનેક સેવાકીય પ્રવૃતિઓ સાથે જોડાયેલા નારણભાઈ પી.પટેલ દ્વારા ધુળેટી પર્વે અનેકવિધ સંસ્થાના મહાનુભાવો, શુભેચ્છકો અને સેવાભાવી કાર્યકરો માટે ખુબ સરસ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં નેચર ફર્સ્ટ ટીમના કાર્યકરો, કુમારભાઈ લિમાણી, પતંજલિ યોગ સમિતિના બાબરીયાજી, આત્મન ફાઉન્ડેશનના પ્રજ્ઞાબેન પટેલ, સીનીયર સીટીઝન કાઉન્સિલના જયરામભાઈ સોની, નિસર્ગ સાયન્સ સેન્ટરના અનિલભાઈ પટેલ, માતૃવંદના મહિલા મંડળના પ્રમુખ ઉષાબેન ચૌહાણ, સમસ્ત ગોદડીયા પરિવારના નયનાબેન પટેલ, સંસ્કૃતિ સંસ્થાના મનોજભાઈ શુકલ અનેઅનેક મહાનુભાવો શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. સૌના સ્વાગત સાથે કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં નારણભાઈ પી.પટેલેપ્રસંગોચિત ઉદબોધન કર્યુંહતું. નિસર્ગ સાયન્સ સેન્ટરના ડો.અનિલભાઈ પટેલે અંધશ્રધ્ધા નિવારણ બાબતે લાઈવ કાર્યક્રમ સૌને જાગૃત કરવા પ્રયત્ન કર્યો હતો. હોળી ધુળેટીને લગતા ગીતોની રમઝટ જાણીતા કલ્ચર ગ્રુપના શ્રવણકુમારે મોજ કરાવી હતી. સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર મંડળ અને ઈન્ડિયન રેડક્રોસના પ્રમુખ જીલુભા ધાંધલ, સખી મહિલા મંડળના હર્ષાબા ધાંધલ, ગોવિંદભાઈ આહીર, જી.પી.પટેલ અને અન્ય કાર્યકરોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો અને અબીલ ગુલાલથી હોળી રમ્યા અને ગરબાની મોજ પણ માણી હતી. સાથે નેચર ફર્સ્ટની ટીમે લીંબોદરા ગામે પ્લાસ્ટિક મુક્ત અભિયાન પણ કર્યુંહતું. આવા સુંદર કાર્યક્રમના આયોજન બદલ નારણભાઈ પી.પટેલ તથા સમસ્ત ગોદડીયા પરિવાર અને નયનાબેનને ખુબ ખુબ અભિનંદન આપ્યા હતા.

ચાંદખેડા ખાતે માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી અને ગરબાનો લાભ લીધો હતો.

શ્રી સ્વામિનારાયણ પોલીટેકનિક ખાતે આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૧૦

સ્ત્રી-શક્તિ, સહન શક્તિ અને કરૂણાનો ત્રિવેણી સંગમ. દુનિયાનું અસ્તિત્વ સ્ત્રી વગર શક્ય નથી. દરેક વ્યક્તિના જીવનમાં સ્ત્રીનું એક મા, બહેન, દીકરી, પત્નીના વિવિધ સ્વરૂપો થકી ખુબજ મહત્વ છે. છતાં પણ આપણા સમાજમાં સ્ત્રીઓને યોગ્ય માન સન્માન અને સ્થાન મળતું નથી. આજના આધુનિક સમયમાં પણ સ્ત્રીઓને હક માટે સમાજ સાથે લડવું પડે છે. સ્ત્રીઓનું જીવનમાં મહત્વ સમજાવવા માટે ૮ માર્ચે સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મહિલા દીન તરીકે ઉજવવામાં આવે છે. સ્વામીજીના આશીર્વાદ અને પ્રોફેસર ધર્મેશ વંડરા અને પ્રોફેસર ભાવિક શાહના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ પોલીટેકનિકમાં આંતરરાષ્ટ્રીય મહિલા દીનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ડાન્સ, નાટક, માઈમ જેવી વિવિધ પ્રવૃતિઓ થકી મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું તથા કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા સ્ત્રી સશક્તિકરણ અંતર્ગત રંગોળી, આર્ટ એન્ડ ક્રાફટ, રમતો જેવા કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીઓનો આ દીવસ યાદગાર બનાવવા માટે સેલ્ફી ઝોન પણ ઉભો કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

કે.કે.પટેલ વિદ્યાલય કોલવડા ખાતે S.S.C / H.S.Cના વિદ્યાર્થીઓના શુભેચ્છા સમારોહનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

શ્રીમતી કે.કે.પટેલ વિદ્યાલય કોલવડા ખાતે તા. ૦૯/૦૩/૨૦૨૩ના રોજ એસએસસી અને એચએસસીના વિદ્યાર્થોઓનાં શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાર્યક્રમની શરૂઆતમાં સરસ્વતીની વંદનાથી કરવામાં આવી હતી. શાળાના મેડમે એસએસસી અને એચએસસીના વિદ્યાર્થીઓને આર્શીવચન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં ભૂતપૂર્વ શિક્ષક ચિનુભાઈ અને પટેલ નારણભાઈએ હાજરી આપી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે શાળાના પ્રાંગણમાં ગાયત્રી હવનનું આયોજન કરી શાળાના વાતવરણને પવિત્ર બનાવવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓને પટેલ ભરતભાઈ ડાહ્યાભાઈ અને પટેલ મનીષભાઈ નારણભાઈ તરફથી અલ્પાહાર આપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું. વાઘેલા ભાવનાબાના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ વિદાય ગીત સાથે પૂર્ણ થયો હતો.

નારી સ્વરક્ષણની ૧૭ બહેનોને રેડક્રોસ દ્વારા હાઈજેનિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સરકારી વિનયન કોલેજ ખાતે જી-૨૦ અંતર્ગત ગ્રૂપ ચર્ચા યોજાઈ

ગાંધીનગર, તા.૧૦

સરકારી વિનયન કૉલેજ ગાંધીનગર ખાતે જી-૨૦ અને ડબલ્યુ-૨૦ તેમજ કૉલેજના સીડબલ્યુડીસી દ્વારા કૉલેજના વિવિધ સ્નાતક તેમજ અનુસ્નાતક વિભાગની વિધાર્થીનીઓ માટે ગ્રુપ ચર્ચા આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં વિધાર્થિનીઓને જી-૨૦, ડબલ્યુ-૨૦નો પરિચય આપી તેમને સ્ત્રી જાગૃતિના વિવિધ મુદ્દા પર ગ્રુપ ચર્ચા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. આ

કાર્યક્રમનું સફળ સંચાલન કૉલેજના વરિષ્ઠ અધ્યાપિકા ડૉ ભાનુબેન કાપડિયા, ડૉ જીજ્ઞાસાબેન પટેલ તેમજ સીડબલ્યુડીસીના સભ્યો ડો.પ્રાંજલી દિધે અને પ્રા. હેતલ દવેએ કર્યું હતું.

પ્રયોશા મહિલા વિકાસ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા જાગૃતિ અભિયાન સંપન્ન

ગાંધીનગર, તા.૧૦

પ્રયોશા મહિલા વિકાસ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગરના સુંદર આયોજન હેઠળ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઊજવણીના ભાગરૂપે સેક્ટર-૧ ઉના બગીચામાં બહેનો માટે "જાગૃતિ અભિયાન"નું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા દિન નિમિત્તે સેક્ટર ૩ ન્યુના ગાર્ડનમાં પ્રયોશા મહિલા વિકાસ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા યોજાયેલ "જાગૃતિ અભિયાન"માં મુખ્ય મહેમાન રીટાબેન પટેલ, ધારાસભ્ય ઉત્તર ગાંધીનગર, વોર્ડ નંબર ૯ ના કોર્પોરેટર શૈલાબેન ત્રિવેદી, ડૉ. મમતાબેન દેસાઈ, ભાજપના ગાંધીનગર શહેર મહિલા પ્રમુખ પ્રિયાબેન પટેલ, સરોજબેન શર્મા, લલીતાબેન શાહ ઉપરાંત ગોપી મંડળ, રાધિકા મંડળ, વસાહત મંડળની બહેનો વિશાળ સંખ્યામાં આવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

કડી કેમ્પસમાં આર.સી.સ્કુલ ખાતે ઉલ્લાસપૂર્વક આનંદમેળો યોજાયો

ગાંધીનગર, તા.૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત અને ગાંધીનગર સ્થિત શ્રીમતી આર.સી.પટેલ સે. અને હા.સેકન્ડરી સ્કુલમાં વિશાળ પ્રાંગણમાં આનંદમેળો યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને શાળાના આચાર્ય વિષ્ણુભાઈ પટેલે વિધિવત ખુલ્લો મુકયો હતો અને શાળાના સુપરવાઈઝર વિનોદભાઈ પટેલ અને કાનનબેન પટેલ પણ ઉદઘાટનમાં જોડાયા હતા. આ કાર્યક્રમમાં ધો.૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ આનંદ મેળામાં ૩૨ વિવિધ વાનગીઓના સ્ટોલ વિદ્યાર્થીઓ દ્વારા ઉભા કરવામાં આવ્યા હતા અને શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ખુબ ઉત્સાહપૂર્વક આમાં જોડાયા હતા. આ સમગ્ર આનંદ મેળાના આયોજનમાં શાળાના શિક્ષકો તેજસભાઈ પટેલ, જીતુભાઈ પટેલ, વિકાસભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ તેમજ ધ્વનિકભાઈ પટેલનું માર્ગદર્શન વિદ્યાર્થીઓને મળ્યું હતું અને કાર્યક્રમ સફળ રહયો હતો. આ કાર્યક્રમની સફળતા માટે શાળાના આચાર્ય વિષ્ણુભાઈ પટેલે શિક્ષકોને અને વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

જે એમ ચૌધરી શાળામાં "પિરિયડ કપ" વિશે સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૦

જે એમ ચૌધરી માં શાળાની બાળાઓને ટાઈમ પિરિયડ દરમિયાન મેન્સ્ટ્રુયુઅલ કપ વિશેની માહિતી તથા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સંસ્થાના પ્રમુખ ઉર્વશીબા ઝાલા, ગાંધીનગર મહાનગર પાલિકાના ચેરમેન જશવંતભાઈ પટેલ તથા ડોક્ટર ઉન્નતિબેન પરમાર હાજર રહ્યા હતા. શાળાના ભૂતપૂર્વ શિક્ષક મણીબેન દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્યા બેન આર એસ. ચૌધરી તથા સ્ટાફ સભ્યો એ સર્વેનો આભાર માન્યો હતો.

ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ.દંતાણી મંજુલાબેન શિવાભાઈ** ઉ.વ.૬૫, ગાંધીનગર
- **સ્વ.પરીખ નીતિનભાઈ વિઠ્ઠલભાઈ** ઉ.વ.૬૬, કુડાસણ
- **સ્વ.પરમાર ચંચળબેન સોમાભાઈ** ઉ.વ.૧૦૨, કોલવડા
- **સ્વ.પાઠક અરવિંદકુમાર જગજીવનરામ** ઉ.વ.૬૮, કલોલ
- **સ્વ.પારેખ કૈલાસબેન અમૃતલાલ** ઉ.વ. ,ગાંધીનગર
- **સ્વ.રાવલ વિષ્ણુપ્રસાદ ભોળાનાથ** ઉ.વ.૮૨, ગાંધીનગર
- **સ્વ.પરમાર હીરાબેન કૌશિકભાઈ** ઉ.વ.૫૪, ગાંધીનગર